# ગાંધીનગર સમાચાર નૂતન વર્ષાભિનંદન

વિશેષ પૂર્તિ - ૨૦૭૦

તંત્રી સ્થાનેથી...

## આવો, આવતીકાલના ઉજાસને ભવ્ય બનાવીએ

હા...! સમયના ધસમસતા પ્રવાહમાં વિક્રમ સંવત ૨૦૬૯નું વર્ષ તરતા તરતા તણાઈ ગયું. સ્મૃતિ પટ પર લીસોટા મુકતું ગયું. દુઃખ અને દર્દની ચીસોના પડઘા અથડાવતું ગયું-આતંકવાદના નામે, માઓવાદના નામે, કોમવાદના નામે હિંસા ભડકતી રહી, ભભૂકતી રહી. કાયદો અને વ્યવસ્થાના પડકારો વધુ વિકરાળ બનતા ગયા. આમ વિદાય લેતું વર્ષ હતાશા અને નિરાશા પ્રસરાવતું ગયું. પરંતુ જવા દો, એ વહી ગયેલી ક્ષણોનો હિસાબ કે હાથમાંથી છુટી ગયેલા સમયની સમીક્ષાનો કોઈ અર્થ સરતો નથી. હવે તો આ અંધકારમાંથી ઉજાસ તરફ જવાની અણમોલ ક્ષણ નવા વર્ષના પ્રથમ કિરણના માધ્યમથી પ્રગટી છે. આવો, સૌ સાથે મળી આવકારીએ આવતીકાલના અરમાનોને...આકાર આપીએ... પ્રગટતી આશાઓને, અવસર બનાવીએ... આંતરીક શકિતના પ્રગટીકરણને, સાકાર કરીએ... આપણા સ્વપ્નોને, સિધ્ધમાં પલટાવીએ... સંકલ્પોને, વ્યકિતગત જીવનથી લઈ વૈશ્વિક જીવન સુધી આપણી અંદર અટવાતા મનુષ્યત્વને પ્રગટાવીએ અને પ્રસરાવીએ...!

દેશ અને દુનિયાના ફલક ઉપર વિસ્તરતી સમસ્યાઓને નાથવા માટે સહયોગનો ભાવ અને અભિવ્યકિતનો સમય આવી પહોંચ્યો છે. લડવાની વાત બંધ કરી સરહદની વાત સમજી લઈએ. એકમેકને પુરક બનીએ. વૈશ્વિક વિચારધારાને વધુ પ્રબળ બનાવવાની ઘડી આવી પહોંચી છે. ઘર આંગણાના પ્રશ્નો સંયુકત રાષ્ટ્ર સંઘમાં લઈ જવાની જરુર નથી અને દુનિયાના પ્રશ્નો ઘરમાં લાવવાની જરુર નથી. તમામ સ્તરે તમામ ક્ષિતિજે અને તમામ તબક્કે વિવેકભાન સાથે ચર્ચા-ચિંતન થાય તો સમસ્યાઓને સમાધાનમાં પલટાવવાની ક્ષમતા માનવજાતનો જન્મજાત ગુણ છે. વિશ્વની તમામ સમસ્યાઓનું નિરૂપણ માનવતાવાદી માહોલમાં છુપાયેલું છે. રાજકીય, સામાજીક આર્થિક, સામાજીક ક્ષેત્રોને માનવ તત્વથી તરબતર કરવામાં આવે તો પ્રશ્નો અને પડકારો પડછાયાની જેમ ભૂલાતા જશે, ભૂંસાતા જશે. આજે દેશ રાજકીય અંધાધૂધીમાં અટવાયેલો છે. દેકારા અને પડકારાની વચ્ચે નિયમો અને નીતિઓ ભૂલી પડી છે. સંસ્થા કરતા વ્યકિત મહાન બને ત્યારે ચર્ચા અને ચિંતા વધતી જાય છે. વિધાનનિષ્ઠ રાજનીતિમાંથી વ્યકિતનિષ્ઠ રાજનીતિ પરિણામોને ખતરનાક માર્ગે લઈ જઈ શકે છે. નિતીઓની દૃષ્ટિએ બધા જ પક્ષો સમાન લાગે છે. સૌ કલ્યાણની વાતો કરે છે પરંતુ બધી જ વાતો ખોખલી છે. સત્તાના સ્વાર્થમાં પ્રજાને ઉલ્લુ બનાવવાની હરિફાઈ જામી હોય તેમ તમામ રાજકીય પક્ષો એકએકથી ચઢીયાતા જુઠ્ઠાણા પ્રસરાવે છે. વિક્રમ સંવતના આગામી વર્ષે દેશની લોકસભાની ચૂંટણી લડાશે, આગામી પાંચ વર્ષનું ભાવિ ઘડાશે, વિશ્વના સૌથી મોટા લોકશાહી દેશના મતદારો મતાધિકારનો ઉપયોગ કરશે. મતદારો માટે કસોટીનું વર્ષ છે. લોભામણા વચનો, આંકડાની માયાજાળો અને ભ્રામક જાહેરાતોથી ગેરમાર્ગે દોરાયા વિના વિવેકબુદ્ધિથી મતદાન કરે એ જ લોકશાહીની રખેવાળીનો સાચો માર્ગ છે. નવા વર્ષના પ્રથમ દિવસે આપણે સૌ સંકલ્પબદ્ધ બનીએ કે માનવતાનો મહિમા અને લોકશાહીમાં શ્રદ્ધા રાખનાર રાજકીય પક્ષો અને ઉમેદવારોનું જ આપણે સમર્થન કરીશું, નવી સરકાર મજબૂત રચાય, સ્પષ્ટ વિચારધારાવાળી રચાય અને વિકાસ પરત્વેની પ્રતિબદ્ધતાવાળી રચાય એવી ભાવના અભિવ્યકત કરવાની આ મંગલમય ક્ષણ છે.

ગુજરાત એના ગૌરવપથ પર અવિરત ગતિ કરે છે એનો સૌ કોઈ ગુજરાતીને ગર્વ છે. વિકાસ એ ગુજરાતનો સ્વભાવ છે અને કલ્યાણ એ ગુજરાતના સંસ્કાર છે. દાન ગુજરાતની નસેનસમાં વહે છે. ગુજરાતનું સામાજીક જીવન તંદુરસ્ત છે. શાસન અને સમાજ એકમેકને પૂરક બનીને રહે છે. સાંસ્કૃતિક વારસો જાળવવામાં ગુજરાતીઓને ગૌરવ અનુભવાય છે. રાજકીય આંટીઘૂંટીનું પ્રમાણ ઓછું છે. રાજકીય મહત્વકાંક્ષાઓ પોષવાની લાહ્યમાં કયારેક મર્યાદાઓ ઓળંગાય છે. પરંતુ સામાજીક સંસ્કારોની ધાકથી બધુ સંકેલાય છે. ગાંધી અને સરદારની આ ભૂમિ નરસિંહ અને નર્મદની ભૂમિ દિન-પ્રતિદિન રળિયામણી બનતી જાય છે. માત્ર દેશ માટે જ નહીં પરંતુ દુનિયા માટે દિવા દાંડીની ભૂમિકા અદા કરવા ગુજરાત તૈયાર છે, તત્પર છે. આ પક્ષની સરકાર હોય કે પેલા પક્ષની સરકાર હોય, વિકાસ થયો જ છે અને થતો જ રહેશે. અહીં સરકાર કરતા સંસ્કારની ભૂમિકા મજબુત છે. વિક્રમ સંવતનું આ વર્ષ વધુ ઉજાસમય અને ગતિકારક બની રહેશે એવી શ્રદ્ધા આજના પ્રથમ કિરણમાંથી ડોકાય છે.

વિક્રમ સંવતનું નવું વર્ષ ગાંધીનગર માટે સુવર્ણમય રહેશે. પ્રકૃતિ અને સંસ્કૃતિના વૈભવ વચ્ચે ઉછળતું આપણું નગર આ વર્ષે સુવર્ણજયંતિ વર્ષમાં પ્રવેશ કરે છે. પ્રાકૃતિક સૌંદર્ય અને સાંસ્કૃતિક વૈવિધ્યતા એ નગરના આગવા આભૂષણ છે. નગર વિસ્તરતું જાય છે, વિકસતું જાય છે. સુખ સુવિધાના સાધનો વધતા જાય છે. વિધાનસભા, અક્ષરધામ અને મહાત્મા મંદિર નગરનો આકર્ષક ચહેરો બનવામાં મહત્વની ભૂમિકા અદા કરે છે. તો લીલીછમ હરિયાળી અને મહેંક પ્રસરાવતા પુષ્પો નગરનો લાગણીભર્યો ચહેરો વ્યકત કરે છે. ગંદકી આ નગરની મર્યાદા છે. 'સોનાની થાળીમાં લોઢાની મેખ'ની જેમ સો ટચના સોનાના આપણા ગાંધીનગરમાં ગંદકી શરમજનક કેન્દ્ર બની રહી છે. પ્રમાણમાં ગુનાખોરી વધતી નથી એનો સંતોષ અનુભવાય છે પરંતુ ઘરફોડ ચોરીની ઘટનાઓ નગરજીવન માટે માથાનો દુઃખાવો છે. પોલીસ મહેકમ વધારવાની અને બંદોબસ્તમાં વ્યસ્ત રહેતી પોલીસને નગરજીવનની સલામતી માટે ફાળવવાની વાત સરકારના બહેરા કાને ત્રણ દાયકાથી સંભળાતી નથી. મહાનગરપાલિકાને પગલે વધતો રાજકીય કકળાટ હવે વધે નહિ તેની કાળજી રાખવા અને રખાવવા નગરજનોએ જાગૃત થવાની ઘડી આવી પહોંચી છે. અહીં ઠલવાતા અપરાધીઓને અટકાવવા માટે પણ સતર્કતા આવશ્યક છે. ગાંધીનગરનો આજનો અને આવતીકાલનો ચહેરો રૂઆબદાર હશે, જવાબદાર હશે. આપણે સૌ ગાંધીનગરની આવતીકાલને વધુ ઉજાસમય બનાવવા આજે જ સંકલ્પબદ્ધ બનીએ.

હા...અને છેલ્લે આપણી વાત... આપના પ્રેમ અને હુંફથી 'ગાંધીનગર સમાચાર' ધીમે પણ મક્કમ ગતિએ વિકાસ કરી રહ્યું છે. અટપટા અને ચટપટા વિચારો અને સમાચારોથી દૂર રહેવાનું અમને ગમે છે. સકારાત્મક અને સર્જનાત્મક વિચારો એ અમારી અગ્રતા છે. સમાજમાં જે થાય છે એના કરતા સમાજમાં જે થવું જોઈએ તે દૃષ્ટિ અમારી પ્રાથમિકતા છે. આવતીકાલની ભવ્યતાને વધાવવાની ફરજ અમારો ધર્મ છે. 'ગાંધીનગર સમાચાર' નાનકડા દિવડાની જેમ જાતે બળીને અંધકારને ઉલેચવાનું કામ, પ્રકાશને પાથરવાનું કામ ખૂણેખૂણેથી કરે છે અને કરતું રહેશે. સમાજજીવન પરત્વેની અમારી નિષ્ઠા આજે પણ અકબંધ અને આવતીકાલે પણ એમ જ રહેશે. અંધકાર તરફથી ઉજાસ તરફ જવાના દિપોત્સવ પર્વ અને નૂતનવર્ષની પ્રભાતે 'ગાંધીનગર સમાચાર' સૌને પ્રણામ પાઠવે છે. વિજ્ઞાપનદાતાઓ અને વિતરકોનો ઋણ સ્વીકાર કરે છે. નાની મોટી ભૂલોને માફ કરી ઉદારતાથી વાત્સલ્યભાવથી 'ગાંધીનગર સમાચાર'ને તેમના દિવાનખંડમાં સ્થાન આપનાર સૌ, વાચક પરિવારોને 'ગાંધીનગર સમાચાર' હૃદયપૂર્વક વંદન કરે છે અને નવા વર્ષના આર્શીવાદ અભિલાષે છે.

- કૃષ્ણકાન્ત જહા





1 & 2 BHK Apartments, Penthouse & Shops

- Introducing dream homes ; 1 & 2 BHK apartments.
- All the comfort of life at Rs. 16 lacs onwards.
- On GIFT CITY road & Proposed Metro route.
- An affordable housing option - 8 residential blocks of G+4 Floors.

It is a home offering more of life... Pool Table, Table Tennis, Badminton Court, Library, Water Element, Energy Saving Light System, CCTV Surveillance System, Power Backup D.G. Set.

F.P. No. 106, Dholakuva Cross Road, Nr. Shahpur Bridge, GIFT City Road, Gandhinagar. Phone : 74055 01919.

Shops | Showrooms | Offices
Restaurants | Hospitals

The Perfect Place for Business... 255 sq. ft. to 2100 sq. ft. space for Shops & Showrooms, 300 sq. ft. onwards office space, Basement Parking, Surrounded by populated and well developed area.

- A perfect union of retail, office spaces and recreation. Each floor has a flexible plan.
- Maximum column free space.
- Ground floor dedicated to retail, luxury Stores, Banks, ATMs, Restaurants, Cafe, Health club etc...

Survey No. 364, Nr. Charedi Water Tank, Gandhinagar-Mahudi Road, Pethapur, Phone : 74055 01199.

Auspicious time to buy Home, Office & Shop


## તમસો મા જ્યોતિર્ગમય

- ગાંધીનગર સમાચાર પરિવાર